અફલાતુન ૩૨૮૧

ઊર્ફે

જાલીમ બયત ખરાબ

નામના

આલફ્રેડ નાટક મંડળીનાં

ખેલનો સાર.

પ્રગટ કરનાર

આલફ્રેડ નાટક મંડળીનાં માલેકો.

મુંબઈ:
રાઇઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસ, ભંગરી બજાર,
વોરા મહમદઅલી દાઉદખાને છાપ્યું છે.

૧૮૮૭

નાટક પાત્ર

તુરકી

અફલાતુન—એક જુલમગાર તુરકી સરદાર.

કમરરૂખ—અફલાતુંનનો ચેલો પાછલથી અફલાતુનથી નારાજ થઇ હીંદી લશકરમાં જઈ મલેલો તથા અમર શાહનો જમાઈ.

મદદગાર—મરદના પે.શાકમાં ફરનારી અફલાતુનની બહેન નુરજહાન.

પરહેજગાર—એક બુજર્ગ ધરમગુરૂ.

રહામાન—
ખુંખાર—
તીરંદાજ—
જહેરઆબ—
} તુરકી સરદારો.

તોપનખાં—અફલાતુનનો મસખરો નોકર.

ઠોકનખાં—કમરૂખનો મસખરો નોકર.

નુરૂનનેહાર—અફલાતુંન પર ફીદા થઇ પરણી ગયલી નાર.

સીપાઇ, પેહેરેદાર ઇત્યાદી.

હીંદીયો

અમરશાહા—હીંદનો માયાવંત રાજા

બાહાદરજંગ—હીંદનો સેનાપતી

તાકતજંગ—એક દીનદાર બુઢો હીંદી ગ્રહસ્થ

રામસીંગ—એક વફાદાર હીમતવાન આંધલો સીપાઇ.

છોકરો—રામસીંગની છોકરીનો છોકરો

રૂપસુંદરી—અમરશાહાની બેટી કમરરૂખની ઓરત

સરદારો, સીપાઇઓ, પંડતો, કન્યાઓ, બાલકો ઇત્યાદી

અફલાતુન ઉર્ફે જાલીમ બચત ખરાબના

ખેલનો સાર.

૧-૧-નુરૂનનેહાર અફલાતુનની મોહરદારે ઇશ્વર પ્રાર્થના કરી પોતાના ખાવીંદ તરફની ખરી ફરજ દેખાડવી તથા તે દુન્યા વરનમાં નેકી તથા ભલાઇના કામો કરી જશ પામે એવી દુઆ ચાહવી; મદદગાર નામના અફલાતુનના ખાસ ખીદમતગારે નુરને એવા એક ઘાતકી બદકાર સાથ શું જોઇ પરણી ઇત્યાદી તાણાં મારવા તેમજ તેણી અફલાતુનની કઇ ખુબીપર મોહી પડી તે વીશે ખુલાસો પુછવો, નુરે અવ્વલથી આખર સુધીનો પોતાનો હેવાલ સંભલાવવો અને પોતાના બાપ ભઈ બહેનો તથા વતનને તજી આવવાનું કારન બતાવવું એટલાં અફલાતુનનુ ત્યાં આવી પુગવું, નુરે હરખ ભરયો આવકાર દેવો, મદદગારે દુશમન વીશેની વાત છેડવી; અફલાતુનને કમરરૂખ જેને બચપણથી પોતે પાલી પોશી મોટો કીધો અને લડાઇનો તેમજ અનેક હુનરમાં પુરવીણ કીધો તેજ પાલેલો કુતરો બે ઈમાન થઇ દુશમનો સાથ, મળી જઇ મારીસામે બળવો કરેછે. ઇત્યાદી ઉભરો, કાહાડવો નુરે હીમ્મત તથા વગર બીકીકે હીંદીઓની તરફદારી તેમજ ઇનસાન માતરેની તરફ રેહેમ દીલી વાપરવા વીશે વાદ વીવાદ કરવો. અફલાતુનનુ છેડાઇ પડી ત્યાંથી ચાલી જવું; નુરને તેની આવી કઢંગી ચાલ માટે અફસોસ કરવો —

૧-૨-શાહ અમરસીંગનું વીશનુના મંદીરમો શેહેરના દરએક બુઢ જવાન તેમજ ઔરતો બચ્ચાં સાથે ભકતી કરવી. મદદગારનું ત્યાં છુપા વેશમાં આવી અફલાતુન આજ રાતે છુંપો હમલો લાવનાર હતો તેમાં પોતાની બાહોશીથી તેણે તેમને કેમ નામુરાદ કીધા તેની હકીકત જણાવવી બાહાદર

જંગે તેની આ સેવા માટે ઉપકાર માને., આવતી કાલે પાછો અફ્લાતુન તરફનો છુપો હુમલો થનાર છે તેથી સાવચેત રેહવાની મદદગારે ખબર આપી જતા રહેવું. બહાદરે તેની હીમ્મત ખુબી તેમજ ખુબસુરતીપર અચરત થઇ આફરીન કરવી.

૧–૩–તોપનખાં તથા ઠોકનખાં બંધે મસખરાઓનુ તોપ મારવામા એક બીજા કરતાં કોણ સરસ છે તેની અજમાશ કરવી તેમજ પોતાના શેઠ અફ્લાતુન તેમજ કમરની બહાદુરી જણાવવી.

૧–૪–અફ્લાતુનની દરબારમો રામશગરોએ નુર તેમજ અફ્લાતુનની આમદ ગાવી. અફ્લાતુનને પોતાના દરબારી તેમજ સરદારોને હીંદીઓ ઉપર છુપો હમલો લઇ જઇ કતલ ચલાવવા વીશેનો ઠેરાવ જણાવવો પરહેજગાર નામના એક દાનવ પીરમરદે એવા કામ માટે આડે આવવું તેમજ રોકવું નુરે પણ તેની તરફેનમાં સવાલ જવાબ કરવા અફ્લાતુને તે ન માનવાથી, પરહેજગારે તેમની સંગત છોડી તે મુલક તજી જંગલ બીયાબાનમો એકાંતવાસ ભોગવવા જવાનો વીચાર જણાવી નીકલી જવું. એક તુર્કી સીપાઇનું તાકતજંગ નામના એક બુઢા હીંદીને પકડી લાવ્વું. અફ્લાતુને તેને દાવપેચથી હીંદી લશકરની ખબર તેમજ તેમની છાવણીમાં દાખલ થવાનો છુપો રસ્તો જાણવા માંગવો જેના બદલામાં તેનું છુટ્ટાપણું તેમજ બીજી લાલચ આપવા જણાવવું. જેના જવાબમો તાકતજંગે ગુસ્સાથી તેને ધુત્કારવો તથા ધીક્કાર વરસાવવો. જેથી ચીરડાઇ રાહમાન નામના એક સરદારે તેને મારી નાખવો. અફ્લાતુને પોતાનો આગલો ઠેરાવ અમલમો લાવવા ફરમાવી ચાલી જવું. દરબારનું બરખારત થવું.

૧–૬–રૂપસુંદરીનું ખુશનૂમાં બાગમાં એક આલીશાન દરખતની શાખ સાથ લટકતા પાલનામાં પોતાના છોકરાને સુવાડવા માટે હાલરડા ગાવા, તેના ખાવીંદ કમરરૂખનુ ત્યા આવી

એક ગોફામાં જ્યાં લડાઈની બીકથી પોતાની સલામની માટે શેહરની તમામ ઔરતો તથા બાલકો છે ત્યાં જવા ફરમાવવું રૂપે તેનો ઇનકાર કરવો તથા પોતાના ખાવીંદને આવી આફતના સમે એકલો મુકી પોતે સલામતીની જગા પર કેમ જાયે એવી અનેક તકરાર કરવી; બહાદરજંગનુ પણ ત્યાં આવી તેજ બાબદની તાકીદ કરવી; રૂપે અનેક દલી લોથી એ વીચાર નામંજુર કરવો. પણ આખર પોતાના ખાવીંદ તેમજ ભાઇ ર.માન બહાદરની ખોંસને તાબે થઈ કબુલ થવું. શાહ અમરસીંગનુ આવી પુગવું જ્યાં એક સીપાઇયે આવી દુશમનો પહાડોને રસ્તે છુપા આવે છે. એવી ખબર આપવી; બધાનુ ઘભરાટમો પડવું રૂપસુંદરીને ભારી દુઃખ તથા કકલાટ સમેત વીદાય કરી બાદશાહે બાહા દર તેમજ કમરને જુદી જુદી હદની સરદારી આપી પોતે દુશમનોની સામે જવા જણાવવુ. બધાઓને સાથે મલી ઇશ્વર કીરતન તથા લડાઇનુ શુર ચઢાવવા માટે લલકારવું બાદ શાહ તેમજ શીપાઇઓનુ વીદા થવું. બાહાદર પાસ કમરે વચન માંગવો કે જો હું જંગમો મરી જાઊંતો સુંદરા સાથે તુ પરણજે બાહાદરે ઘણીજ આનાકાની કરી આખરે નાચારી તેમજ કમરની હુજ્જતથી જો સુંદરા પોતે એ વાતે રાજી હશે તો મારો વચન પાલીસ કરીને વચન આપવો.

૧–૫–તોપનખાંનુ ઔગતનાં મફ્રગનાં ચક્કરમાં ફસેલા નરો વીશે વમાસન કરવું ઠોકનનું આવી અરસ પરસ તરેહ ક્રીસમના રમુજી ગપાટા સપાટા ચલાવવા.

૨–૧–ગમસીંગ નામના એક બુઢા તથા આંધલા પણ વફાદાર હીંદી સીપાઇનું પોતાના દીકરીના દીકરા સાથ દુરથી લડા ઇનો મામલો જોવા મેદાન મધે આવવું અને પોતાના આંધાપાના સબબે પોતાના વતનના બચાવ ખાતર પોતાથી કંઇ બની શકતું નથી તેનો બલાપો કરવો; તેમજ દુરથી લડાઇના ભયાનક હથીયારોના આવાજ કાને પડવાથી વારં વાર ઉસકેરાઇ જવું; હીંદી લશકરની હાર થવાથી સીપાઇ

ઓનું જગોજગ વીખરાઇ જવું તેમજ એમથી તેમ બીજાં લશ્કરની મદદ માટે દોડવું. શાહાઅમર જખમી થઇ એ કાદ બે સીપાઇઓ સાથ આવી તેમને દીલાસો આપવો તથા પાછો પોતે લડાઇમાં જવાનો ઇરાદો જણાવવો, પણ સીપાઇઓએ તેને તે વાતથી હાથ ઉઠાવવાની આજેજી કરવી; તુર્કી સીપાઇઓના ટોલાને પોતા તરફ આવતા જોઇ સાહે પોંતે બીન હથીયાર હોવાથી તાંહાંથી નાહસી જવું. થોડાક તુર્કી સીપાઇઓનું તેને દુંબાલે પાડવું લડાઇની ધારતીથી પીઠ ફેરવી નાહાસતા થોડાક હીંદી સીપાઇઓપર બાહાદર જંગે ધીક્કાર વરસાવવો; ગમસીંગે તેમાં હીમ્મતથી ભાગ લેવો હીચકારા સીપાઇયોએ પાછા હીમ્મતવાન થઇ બાહાદર સાથ શાહના છુટકારા માટે જવું, લડાઇનું પુર જોસમે ચાલવું મદદગારની છુપી મદદથી બાહાદર તથા હીંદી સીપાઇઓએ શાહનો છુટકારો કરવો; શાહે બાહાદર જંગનો પોતાના છુટકારા બાબે ઉપકાર માનવો તેમજ પોતાના ગલાનો હાર યાદગારી તરીકે ભેટ આપવો; બાહાદરે કમરની ગેરહાજરીનો સબબ પુછતા એક સીપાઇએ તેનાં કૈદ પડવાની ખબર આપવી; માઠા સમાચારથી રંગમાં ભંગ પડવો તથા કમરના છુટકારા માટેની પેરવી કરવી.

૨–૨–શેહેરની પાદરે રઇયતે અમરશાહને ફતેહનીં મુબારકબાદી આપવી; તેમજ બાદશાહે શુરા લડવૈયાઓની બાહાદુરી માટે શાબાસીના સખુનો સંભલાવવા; જેઓના બાપ, ભાઇ, બેટા તથા ખાવીંદો લડાઇમો મારયા ગયા તેમને દીલાસો આપી સખાવત સાથે તેમનો ગમ વીસરાવવો. રૂપસુંદરીનું પોતાના બાલક સંગાત પોતાના ખાવીંદની જુસતજુમો બેભાન હાલતે આવવું તથા કલપાંત મચાવવો. બાદશાહે દીલાસો આપવો તથા ઘણી તાલ તલાવતથી તેનો ગમ વીસરાવી સબુરી પકડવા સમજાવવું; સુંદરાએ તે ન માની દીવાનપનાની હાલતમો પોતાના ધણીની તાલાશમાં દોડી જવું; બાહાદરનું તેની પુંઠે સંભાલને ખાતર જવું અમરશાહ નું દુ:ખી હાલતમો રઇયત સંગાથે પાછા ફરવુ.

૨–૩–સડાઇના જંગલમાં પડેલી સીપાઇઓની લાશને રૂપસુંદરી એ ઉથલ પાથલ કરી પોતાના ધણીને ખોળવો. બાહાદુરનુ ત્યાં આવી પુગવું તથા તેને દીલાસો દેવો, તેમજ છુટા પરતી વખતે કમરે કરેલી આજીજીની વાત તેને કહી સંભળાવવી. સુંદરાએ તે વાતને બુરા વીચારનું રૂપ આપી કમરનું ખુન આગલ રહી બાહાદરે થવા દેવાનો શક લાવી તેનાપર બુરા સખુનોનો વરસાદ વરસાવી ધીક્કાર સાથે ત્યાંથી ચાલી જવું. બાહાદરને આથી ઘણું દુઃખ લાગવ છતાં સુંદરાની સલામતી માટે તેની પાછલ દોડી જવાની તેણે પોતાની ફરજ વીચારી તેની પાછલ જવું.

૨–૪–તોપનખાંનું પોતાની માશુક તરફથી આવેલું કાગજ પોતે નહીં વાંચી શકવાથી રડવું, જયાં ઠોકનખાંએ આવી તેને દીલાસો દઇ મીઠા સવાલ જવાબોના રમુજી ટાહુકાએ લગાવી કાગજ વાંચી સંભળાવવું ત્યાર બાદ ઠોકને એક રમુજી ગીત ગાવું.

૨–૫–તુરકી છાવણીમા અફલાતુને પોતાની હાર થવા બાબેની નાસી ાસીનો ઉભરો કાહાડવો તેટલાં નુરનું ત્યાં આવી તે વીશેનો સબબ પુછવો, અફલાતુને પોતાની હાર તથા કમર ઉપરનો પોતાનો કેહેર જાહેર કરવો, નુરે કેટલીક તકરાર કીધા બાદ કમર તુરકી સીપાઇઓના હાથમો કેદ પકડાયોય એવા સમચાર સંભળાવવા; એ બીના જાણતાજ અફલાતુને સીપાઇઓ મોકલી તેને પોતા હજુર બોલાવવો. સીપાઇઓ નું કંમરને જંજીરમો જકડી લાવવું, અફલાતુને તેને તાના મારવા. કમરે દરેક સવાલોના જવાબો હીમતથી ધીક્કાર ભરે લા આપવા, કમરની પોતાની ઘડી નજદીક આવીય માટે હવે તેને છેલ્લી બંદગી કરી લેવી એવો દમ અફલાતુને દેવો, કમરે તેની રતીભર દરકાર ન કરતાં બાહાદુરીથી મોહો તને તાબે થવા તૈયાર થઇ જવું. નુરે અફલાતુનનાં આવાં અંનઘટટાં પગલાં માટે તેપર ધીક્કાર વરસાવવો, તેમજ સીખામણોથી ગુસ્સાથી, કાકલુદીથી, પ્યારથી સમજાવવો

અને કમરના ખુનથી હાથ ફેરવવા કેહેવું પણ હઠીલા અ ફલાતુનની પથ્થર સમાન છાતી નહીં પીગલવાથી હારી જઈ પોતે વગર જાન પીછાને એક ધાટકીની મોહજાલમો ફસી તે વીશે બલાપો કરવો.

૩-૧-એક બીહામના બંદીખાનામાં કમરનું બંદીવાન તરીકે પો તાના ખાગઓની જુદાઈનો કેટલોક ગમ કરી સુઈ જવું, બાહાદરે કમરના છુટકાગ માટે સાધુનો વેસ ધારન કરી બંદીખાનામાં દાખલ થવું પૈહેરેદારે તેને રોકવો બાહાદરે પેહેરેદારને લાલચ દેખાડી કમર પાસ જવાની માંગણી કરવી; પેહેરે દારે તેને હરકાટી કાઢવો. સેવટે બાહાદરે તાલ તલાવતથી ભલા પૈહેરેદારનું દીલ પીગલાવી પોતાની નેમમાં પાર પડવું. કમરે બાહાદરની આવી હીમ્મત જોઈ અજબ થવું; બાહદરે એકદમ સાધુનો પોશાક કાઢી આપી કમરને બંદીખાનામાથી નસાડવો, મદદગારનુ, બંદીખાનામાં આવી બાહાદરને નાસવા કેહેવું અને તેની જગાપર પોતે કેદ રેહેવા માંગવું, બાહદરે તેના આવા ભલા ખ્યાલ માટે તેનો ઉપકાર માની માન સાથે તેની માંગણી ના પાડવી એટલામે નુરનુ ત્યાં આવી લાગવાથી મદદગારે ચાલી જવું નુરે કમરને બદલે બાહાદરને જોઈ અજબ થવું તથા એક દોસ્ત તરફ બજાવેલી નેક ફરજ માટે બાહાદરની વખાણ કરવી તથા પોતે પણ કમરના છુટકાગ માટેજ આવીચ કરી જણાવવું. નુરે બાહાદરનો છુટકો તેમજ હીંદની ભ લાઈને ખાતર બાહાદરને ખંજર આપી જે તબુમાં અફ લતુન સુતેલો છે ત્યાં લેઈ જવા માંગવું બાહાદરે આવું હીચકારૂં કામ કરવા સારૂ ના પાડવી. બાહાદરની હુજતથી આજેજ થઈ નુરે પોતે અફલાતુનના મોત માટે માથુ ઉચકવા જણાંવ્યાથી નાચારે બાહદરે તે કબુલ કરવું.

૩-૨-તોપનખાએ પોતાની બાહાદુરી તેમજ ખુબસુરતી વીશેની બડાઈ હાંકવી; ઠોકનનુ ત્યાં આવી લાગવું.' ત્યાં બંધો વચ્ચે ખુશ ગુફતેગો થવી કમરરૂપનો બંદીખાનામાંથી

છુટકારો થવાથી ઠોકનનું તોપન સાથ એક રમુજી ગાયન ગાવું.

૩–૩–સુંદરાને જંગલ બીયાબાનમો પતીનો પતો ન લાગવાથી તેનું નીરાસ થવું પન વધુ હીમ્મત રાખી આગલ વધુ ખોલ માટે જંગલોમાં ભટકવું.

૩–૪–બાદશાહી તંબુમો અફલાતુનનુ ઊંધમો બડબડવું. જયાં નુરની સાથ બાહાદરનું આવી પુગવું; બાહદરે નુરને તે જગા છોડી જવા અરજ કરવી, નુરે તેને હુશયારીથી કામ તમામ કરવાને કહી જવું. બાહદરનું દીલ એવા હીચકારા કામ માટે ડંખવાથી અફલાતુનને જગાડવો, અફલાતુનનુ બાહાદરજંગને હથીયાર બંધ જોઈ ધભરાવું. બાહાદરે તેની બીક તરતજ દુર કરવી તથા પોતાનું મોટું દીલ દેખાડી ખંજર તેના પગ આગલ નાખી દેવું. બાહાદરનો અમીરી ખવાસ જોઈ અફલાતુનનુ શરમનો મારીયુ દંગ થઇ જવું. અફલાતુન તો હવે મારીયો ગયો હશે એમ સમજી નુરે ત્યાં પાછું આવવું પણ અફલાતુનને સલામત જોઇ બાહાદરપર ખફા થવું. આથી અફલાતુનનો મીજાજ જવો ને તેને કતલ કરવા ફરમાવવું આ ઠેકાણે ધણી ધણી યાની વચ્ચે સખત બોલોમાં જીકર ચાલે છે. અફલાતુન નુરપર ધણો ખીજવાયો છે, તોપણ બાહાદરે પોતાપર કરેલાં અહેસાંનને તે ભુલતો નથી ને તેને માન સથ તાંહાંથી વીદાય કરે છે.

૩–૫–એક અંધકાર જંગલમો સુંદરાનુ પોતાના બાલક સાથ પતીની તાલાશમાં દીવાનીની માફક યાંથી તાં અથડવું તથા બાલકને એક ઝાડની નીચે પાતરાનું બીછાનું કરી સુવરાવી પોતાના ધણીની શોધ કરવી. દુરથી તેની શોધમાં નીકલેલા કમરનો પોતાની ઔરતને પુકારવાનો અવાજ સાંભલતાં ખુશીની ખુમારમો પોતાના બાલકને ભુલી જઇ તે આવાજ પર નીશાન બાંધી દોડી જવું ને બીજી તરફથી રાહમાન તથા ખુંખાર નામનાં તુરકી સરદારોનું ત્યાં આવી પુગવું

અને હીંદની છાવણીમાં દાખલ થવાનો છુપો માર્ગ શોધી કાડયોછે જેથી અફલાતુન મોહટું ઇનામ આપશે એવો હરખ બતાવવો, એટલાં સુંદરાના બાળકનો રડવાનો અવાજ સાંભલી બિઉ બદકારોનું તે બાલકને ઉપાડી જવું; સુંદરાનું પોતાના ધણીનાં ગલામાં લપટાઇ હરખભેર આવવું પણ બાલક ગુમ થવાથી શોર મચાવવો; એક ઝુપડી નજરે પડવાથી તે માહેલા કોઈયે બાલક લીધુ હશે એવા વીચારથી તેનું બારણું ઠોકવું. પરહેજગારનુ નીકલી આવવું. કમરનું અચરતી સાથ પોતાના બુઝોરગ ઉસતાદ સાથ ભેટવું, બધાએ સાથે મલી બાલકની ખોલમાં જવું.

૩–૬–પાહાડોની કઠનમાંથી પાણીનું વેહવું જેની ઉપર એક કામ ચલાઉ લાકડાના પુલનુ દેખાવું આજુ બાજુ તુરકી છાવણીના તંબુ હોવાથી તે રસ્તે પસાર થતાં બાહાદરને દુશમનની ફોજનો જાસુસ સમજી તુરકી સરદારોએ પકડવો: બાહાદરે વગર ગડબડે તેઓને શરણ થવું. તેઓએ તેને બાંધી સરદાર અફલાતુન પાસ લાવવો. બાહાદરને આવું અપમાન થવાથી અફલાતુને પોતાનાં સરદારોને દમ ભરાવી બાહદર પાસ તેની માફી આહવી તથા એવા એક જંગી જવાનને વગર હથયારનો જોઇ પોતાની શમશીર બાહાદરને ભેટ આપી તેને રખસુદ લેવા ફરમાવવું એટલા રાહમાન તથા ખુમારનુ પેલા બાલક સમેત આવી પોહોંચવુ બાહદરે કમરના બાલકને ઓલખવાથી કાકલુદી કરી તેને પોતાને હસતક લેવાની અરજ કરવી અફલાતુન એ બાલક કમરનું છે એમ જાણવાથી તે આપવાની સાફ ના પાડવી બાહાદરની આજીજી ફોકટ જવાથી તેને ખુનપર આવી અફલાતુનથી બખશેશ મલેલી તલવારનો ઉપયોગ કરવો અને, રાહમાનના હાથમાંથી બાલક ઝુંટી લઇ ચાલી જવું. તેને છેડાયલા વાઘ સમાન જોઈ. બધાઓનું દંગ થઇ જવું અફલાતુને સરદારોને બાહાદર પાછલ દોડાવવા પણ તેના જાનને નુકસાન નહી કરવાની ચેતવણી આપવી; બાહાદરના જાનની સલામતી તપાસતો કેટલાક.સીપાઇયોનું બેજાન થવું, રાહમાનનું આવી તે વીરોની ખબર કરવી; જેથી અફ

અફલાતુને ઉસકેરાઇ હોકમ આપવો કે જોઇએ તે કરો પણ બરનુ મેળવો; સરદારોએ જીવપર આવી બાહાદરપર હમલો કરવો તથા બંદુકોના બાર ફોડવા ઇત્યાદીઆ આફતોથી પણ બાહાદરે બાહાદુરીથી પુલ ઓલંઘી પોતાનું પુરતું જોર વાપરી પુલનો વચલો ભાગ ઉખાડી નાખવો. જેથી બાહાદરનુ પેલે પાર અને તુરકી સરદારોનું આયે પાર રહી જવું.

3-૭—સુંદરાએ પોતાના બાળકની જુદાઇનો વીલાપ કરવો. કમરે તેને મનાવવી, એટલામાં બાહાદરનું લોહી લુવાન હાલતે બાળક સમેત દાખલ થવું; શાહ તેમજ સઘલાઓએ તેની સારવાર કરવા મંડી જવું, મદદગારે એકાએક દાખલ થઇ પોતાના કબજામો તેને આપે તો તરત સારો કરશે એવી અરજ કરવી; બધાએ તેની વાતપર ઇતબાર લઇ બાહાદરને તેને સવાધીન કરવો. રાહમાનનું અફલાતુન તરફનો પેગામ લાવવો કે તે આવતી કાલે કમર સાથ જંગના મેદાનમો હાથ અજમાવાની તલબ કરેચ; કમરે ખુશીથી એ માંગની સ્વીકારવી તે એવી સરતે કે બંધે બોરદુ તરફના થોડાક ચુનંદા સીપાહોએ પણ તે વખતે હાજર રેહેવું; બાદશાહે કમરને કાલના જંગની રજા આપવી.

3-૮—એક ગમથી તુરકી સીપાઇઓનુ, તેમજ બીજી ગમથી હીંદી સીપાહોનુ જંગના મેદાન તરફ ઇશ્વર ભજન ગાતા જવું.

3-૯—શાહઅમર, સુંદરા, બાહાદર તથા મદદગારનું એક ઊચી બેઠકપર બેસવું. અફલાતુન તથા કમરે તલવારના હાથ આમન સામાન અજમાવવા બાદ હાથથી હાથ મેલવી કુસતી રમતા કમરનો પગ લપસી જવાથી અફલાતુને તેને જમીનપર પટકી ખંજર મારવા જવું; એટલાં નુરનું જોગનના પોશાકમાં દાખલ થઇ તેને અટકાવવો નુર મુવેલી ભુત થઇ આવી એવી ધાસ્તીથી અફલાતુનનુ ઘભરાટમો પડવું જેનો લાભ લઇ કમરે તેને જમીનપર પટકી ખંજર મારવા

જવું. તેટલાં મદદગારે ચીચારી પાડી કમરનો હાથ પકડી અફલાતુનને બચાવી લેવાની કાકલુદી ભરી અરજ કરવી; મદદગાર અફલાતુનનો મળતીઓ છે અને એની વાત દગા તથા ફરેબ ભરી છે તેપર ધ્યાન ન આપતા તેને જબેજ કરવા નુરે તાકીદ કરવી, મદદગાર નુરને હમણાજ સુલીની સજાથી બચાવી, કેદખાનામાંથી નસાડી તેની યાદ આપવી, અને અફલાતુનને છુટા કરવા અરજ કરવી, પણ તેની કશી અસર જયારે નહીજ થઇ, ત્યારે ં ચીસ પાડી કે અરે એ તો મારો ભાઇ છે અફલાતુ મારો ભાઇ છે, તેને બચાવો એટલુ બોલી તેણે પોતાને મરદનો વેસ ઉતારી નાખો પોતે એક ઓરત છે ને અફલાતુનની બેહન નુરજહાંન છે, એ ઓરતે મરદાની લેબાસમાં આજ વૈર જે બહાદુરી તથા હીમ્મત દેખડી છે તેપર બધાઓએ અચરત થઇ અફલાતુનને છોડવા વીશેની કમરને અરજ કરવી. કમરે ખુશીથી તેને જીવતદાન બખશવું બાહાદરે અફલાતુનને નજર કેદ કરવાનો સીપાઇયોને હોકમ આપવો, મદદગારે આજવેર જે જે હીંદની ભલાઇ માટે જેહેમત ખેંચી સેવા બજાવી હતી તેના બદલામો બાહાદરના હાથની માંગની કરવી, અમરશાહે એવી એક વફાદાર ઓરતને માશુક કરવા બાહાદરને મજબુત ભલામણ કરવી; બાહાદરે મોટા હરખ સાથ તે રવીકારવી; શાહે તુરકી લશકરને છુટાપણુ બખશવું, કમરેનુરને પોતાની બેહેનના દરજજાથી પોતાના ઘેરમાં રેહેવા વીનતી કરવી; નુરે માન સાથ તે માંગણી ના પાડી પોતાની જીંદગી કોઇ ઇબાદતગાહમો ગુજારવાનો ઠેરાવ જણાવવો. બધાઓનું ફતેહની ખુશાલીમાં ગીત ગાવું; ખેલનુ સમાપ્ત થવું.

સમાપ્ત.